જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૭/૨૦૨૨ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૨૧૮/૨૦૨૨**

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૮/૦૭/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૩ | ૩,૨૯,૮૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૨૧૯/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૩૫ લીટર દેશી દારૂ, ૩૮૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ કાર અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૯ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૭૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૨૨૦/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૨૨૧/૨૦૨૨

**શહેરકોટડાઃ** દેવરાજ સુરેશભાઇ રામનાની (ઉ.વ.૨૧) (રહે. અભિવૃધિ એપાર્ટમેન્ટ અજંટા કોમર્શિયલ સેન્ટર ઇન્કમટેક્ષ આશ્રમરોડ) એ તા.૦૮/૦૭/૨૦૨૨ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે બાપુનગર બંસીધર એસ્ટેટ રઘુનાથ સ્કુલ “ડી” માર્ટ પાસે જોલ્લી ઇટાલીયાના નામની કંપનીમા મેનેજર તરીકે નોકરી કરતા વિશાલ હરેશભાઇ પંડ્યા (રહે. પુષ્પવિલા યુનાઇટેડ સ્કૂલ પાસે વસ્ત્રાલ) એ તા.૨૩/૧૧/૨૦૨૧ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન કંપનીના કુલ-૭ ટુ વ્હિલર વેચી તેની રકમ કુલ રૂપિયા ૮,૩૦,૦૦૦/- કંપનીના ખાતામાં જમા નહી કરાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી અનિલકુમાર સોનજીભાઇ ચલાવે છે.

## સોનાની ચેઈન ઝુંટવી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૧૨૨૨/૨૦૨૨

**નરોડાઃ** હિતેન્દ્રકુમાર રામજીભાઈ પરમાર (ઉ.વ.૩૫) (રહે. એસ.આર.પી ગૃપ-૨ નરોડા પાટીયા નરોડા) તા.૦૬/૦૭/૨૦૨૨ રાતના ૯/૪૫ વાગ્યાના સુમારે નરોડા એસ.આર.પી કેમ્પ આગળ આવેલ એસ.બી.આઈ. એ.ટી.એમ.સેન્ટર આગળથી એવીયેટર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કાળા રંગના ૨૨૦ પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ ત્રણ પુરૂષો હિતેન્દ્રકુમાર પરમારના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૬૫,૦૦૦/- ખેચી ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ હિતેન્દ્રકુમાર પરમારે તા.૦૮/૦૭/૨૦૨૨ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.બી.રાઠોડ ચલાવે છે.

**બારમાં માળથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૨૨૩/૨૦૨૨**

**સરખેજઃ** સરખેજ શાંતિપુરા સર્કલ એપલવુડ પાસે સ્વાતી ટ્રીનીટીની બિલ્ડીંગ લેબર કોલોની ખાતે રહેતા અને ત્યા જ મજુરી કામ કરતા કચરાભાઇ સ/ઓ હાજાભાઇ રોત (ઉ.વ.૩૦) (મુળ વતન. ગામ-બોડામલી નવાઘરા તા-સીમલવડા જી-ડુંગરપુર રાજસ્થાન) તા.૦૭/૦૭/૨૦૨૨ બપોરના ૩/૧૫ વાગ્યાના સુમારે સ્વાતી ટ્રીનીટીની બિલ્ડીંગના બારમા માળે મજુરી કામ કરતા હતા ત્યારે બારમાં માળથી પડી જતા ગંભીર ઇજાઓ થતા સ્થળ પર જ તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વજેસિંહ બાબુસિંહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૨૨૪/૨૦૨૨**

**સરખેજઃ** દિશાંત સ/ઓ મનિષભાઇ મોદી (ઉ.વ.૨૬) (રહે. શિવમ પ્રાયોરી એપાર્ટમેન્ટ ટોરેન્ટ પાવર હાઇસની બાજુમાં મકરબા) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૭/૨૦૨૨ બપોરના ૪/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે રૂમાલ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સંજયસિંહ ઘનશ્યામસિંહ ચલાવે છે.

**શાહીબાગઃ** અસારવા ત્રિકમલાલ કાનદાસની ચાલી ખાતે રહેતા પિંટુ બનવારીલાલ કુંપાવત (ઉ.વ.૨૨) (મુળ વતન. મોહનપુરા તા-દાતારગઢ જી-સીકર રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૭/૨૦૨૨ રાતના ૦૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાક ખાતે લાકડાની વળીએ લગાવેલ પંખાના હુકમાં ટુવાલ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદિપસિંહ સુરાજી ચલાવે છે.

**અમરાઇવાડીઃ** ભરતકુમાર સ/ઓ કેશવલાલ પરમાર (ઉ.વ.૨૨) (રહે. આશિષનગર જનતાનગર સામે અમરાઇવાડી) એ બિમારીથી કંટાળી તા.૦૭/૦૭/૨૦૨૨ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એલજી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૮/૦૭/૨૦૨૨ સવારના ૬/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ જીવણભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી